| | | | |
|---|---|---|---|
| તારીખ | ૨૩/૦૧/૨૦૧૯ | | |
| દાખલ તારીખ | ૨૩/૦૧/૨૦૧૯ | | |
| ફેસલ તારીખ | ૦૧/૦૫/૨૦૨૫ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૬ | ૦૩ | ૦૮ |

**મે. વલસાડ ખાતેના મજુર અદાલતના પ્રિસાઈર્ડીંગ ઓફીસરશ્રી એમ.એલ. ચોથાણી સાહેબ સમક્ષ, મુ. વલસાડ.**

**રેફરન્સ (એલ.સી.વી) નં.૩/૨૦૧૯**
**આંક :૨૯**

**પ્રથમ પક્ષકાર :–** (૧) મેસર્સ એકવારીયસ ઈન્ડીયા મેન્યુ. એન્ડ સોર્સીગ પ્રા.લી.,
પ્લોટ નં. ૧૯૬/૩, જી.આઇ.ડી.સી., સેકન્ડ ફેઇઝ, વાપી.

(૨) મેસર્સ એકવારીયસ ઈન્ડીયા મેન્યુ. એન્ડ સોર્સીગ પ્રા.લિ.
પ્લોટ નં.૩૪૫/૩૫૮/પી, ભડકમોરા નજીક, જી.આઇ.ડી.સી.,
વાપી, તા.વાપી, જી. વલસાડ.

(૩) શ્રી મેનેજર/ડાયરેકટર
મેસર્સ એકવારીયસ ઈન્ડીયા મેન્યુ. એન્ડ સોર્સીગ પ્રા.લિ.
પ્લોટ નં.૭૩૨, ૪૦ શેડ, જી.આઇ.ડી.સી.,વાપી,
તા.વાપી, જી. વલસાડ.

**: વિરૂધ્ધ :**

**બીજા પક્ષકાર :–** શ્રી કિશોર ગંભીર મહાજન,
રહે. પ્રભુનાથ યાદવની ચાલ, રૂમ નં.૨, ખોડીયારનગર,
વાપી, તા.વાપી, જી.વલસાડ.

કે./ઓ. ગુજરાત રાજ્ય કામદાર સેવા સંઘ,
સાંઇ પ્લાઝા કોમ્પલેક્ષ, બી–૨૦૪, સેકન્ડ ફલોર,
જી.આઇ.ડી.સી., ચાર રસ્તા, ટેલીફોન એક્ષચેંજની સામે,
વાપી, તા.વાપી, જી.વલસાડ.

.................................................................................................

**પ્રથમ પક્ષકાર નં. ૧ તરફે :** વિ.વ. શ્રી. પી.યુ.રાણા

**પ્રથમ પક્ષકાર નં. ૨,૩ તરફે :** વિ.વ. શ્રી. જે.ડી.પુરોહિત

**બીજા પક્ષકાર તરફે :** પ્રતિનિધીશ્રી આર.એમ.પ્રજાપતિ

.................................................................................................

## –:: જજમેન્ટ/એવોર્ડ ::–

(૧)આ કામમાં બંને પક્ષકારો વચ્ચેનો ઔધોગિક વિવાદ ઔધોગિક તકરાર અધિનીયમ–૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય અર્થે મદદનીશ મજુર કમિશ્નરશ્રી, વલસાડ તરફથી હુકમ ક્રમાંક: કે.એચ.એસ.એસ.એમ.સી./૧૭૨/એ.જે/આઈ.ડી.આર/એફ/એફ :૬૮/૨૦૧૮ તા.૩૦/૦૭/૨૦૧૮ થી ન્યાય નિર્ણય અર્થે રેફરન્સ કરવામાં આવેલ છે. રેફરન્સની અનુસુચિ નીચે મુજબ છે.

### :: અનૂસુચિ ::

(૨)" **શ્રી કિશોર ગંભીર મહાજન**" ને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુન: સ્થાપિત કરવા કે કેમ ?"

(૩) આ કામમાં આંક–**૨** થી પક્ષકારોને નોટીસ કાઢવામાં આવેલ છે. જે પક્ષકારોને બજી ગયેલ છે ત્યારબાદ બીજા પક્ષકારે આંક–**૦૭** થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, સદરહુ પ્રથમ પક્ષકાર સંસ્થા તે કાયદેસર રીતે સ્થાપાયેલી સંસ્થા છે. તેમજ સદરહુ સંસ્થાને આઈ.ડી.એકટ લાગુ પડે છે અને આઈ.ડી.એકટની કલમ ૨ (જે) માં જણાવ્યા પ્રમાણે સદરહુ સંસ્થા 'ઉધોગ' ની વ્યાખ્યામાં સમાવેશ પામે છે તેમજ બીજા પક્ષકાર કામદાર આઈ.ડી.એકટની કલમ ૨ (એસ) પ્રમાણે 'કામદાર' ની વ્યાખ્યામાં સમાવેશ પામે છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.–૧ સંસ્થામાં કાયમી પ્રકારનાં કામ ઉપર કાયમી કામદાર તરીકે તા.૧૦/૦૧/૨૦૧૨ થી ટેલર તરીકે માસીક રૂા.૧૪,૦૦૦/– નાં પગારથી પોતાની ફરજ ખંત, મહેનત અને વફાદારીથી બજાવતા આવેલ છે. ખરી હકીકતમાં પ્રથમ પક્ષકાર સંસ્થાઓમાં આશરે ૨૫૦ થી વધારે કામદારો વર્ષોથી ફરજ બજાવતા આવેલ છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.–૧ સંસ્થામાં નોકરીમાં જોડાયા હતા. પ્રથમ પક્ષકાર નં.– ૧, ૨ અને ૩ સંસ્થાનાં માલીક એક જ હતા. પ્રથમ પક્ષકાર નં.–૧ થી ૩ સંસ્થાઓ અલગ–અલગ જગ્યામાં આવેલ છે. આ તમામ પ્રથમ પક્ષકાર સંસ્થાઓમાં ગારમેન્ટનું કામકાજ થતો આવેલ છે. પ્રથમ પક્ષકાર નં.–૧ સંસ્થામાં ગારમેન્ટનું કામ થતા આવેલ છે અને તે સંસ્થા હાલ પ્રથમ પક્ષકાર નં.–૩ નાં જણાવેલ સરનામે ચાલી રહેલ છે. પ્રથમ પક્ષકારોને તમામ મજુર કાયદાઓ જેવા કે ઔધોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭, પેમેન્ટ ઓફ વેજીસ એકટ, ફેકટરી એકટ, મીનીમમ વેજીસ એકટ, ગ્રેજયુઈટી એકટ, બોનસ એકટ, વર્કમેન કોમ્પેનસેશન એકટ અને સ્ટેન્ડીંગ ઓર્ડર્સ વિગેરે તમામ મજુર કાયદાઓ લાગુ પડે છે. પ્રથમ પક્ષકારો બીજા પક્ષકાર તથા કેટલાક સાથી કામદારને હાજરી કાર્ડ, હકક રજા કાર્ડ, હકક રજા પગાર, પગાર સ્લીપ, સીક લીવ, કેઝયુલ લીવ, તથા અઠવાડીક રજા વિગેરે કાનુની લાભો આપતા

ન હતા. બીજા પક્ષકારનું પી. એફ. કાપતા ન હતા અને બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર–૧ એ આઈ. કાર્ડ આપેલ છે. પ્રથમ પક્ષકારો તેમની સંસ્થાઓનું નામ અને સ્થળ વારંવાર બદલી સરકારી ખાતાનાં અધિકારીઓને અંધારામાં રાખેલ રાખતા હતા. બીજા પક્ષકાર તથા તેમના સાથી કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થાઓ – ૧ માં કાયમી પ્રકારના કામ ઉપર કાયમી કામદાર તરીકે એકધારી ફરજ બજાવતા હતા. કામદારો જયારે નોકરીમાં જોડાયા ત્યારે રોકડામાં પગાર અપતા હતા. ત્યારબાદ કામદારોને ઉપરોકત અલગ–અલગ સંસ્થાઓના નામે બેંક એકાઉન્ટ ખોલાવી તેમાં પગાર ચુકવતા હતા અને પગારનો ચેક પણ આપતા હતા. બીજા પક્ષકાર તથા સાથી કામદારો પીસ રેટનાં પગાર ઉપર કામ કરતા હતા અને માસીક પગાર પ્રથમ પક્ષકારો આપતા હતા. બીજા પક્ષકાર કામદારોનું પ્રથમ પક્ષકારો પીસ રેટનું પગાર વધારો કરતા ન હતા. તેથી કામદારો સંસ્થાઓનાં સંચાલકો પાસે વારંવાર પીસ રેટ વધારવાની માંગણી કરતા હોવા છતા તેઓ પીસ રેટનું ભાવ વધારતા ન હતા. જેથી બીજા પક્ષકાર તથા સાથી કામદારો તા. ૦૭/૦૪/૨૦૧૮ નાં રોજ પોતાની રાબેતા મુજબ ફરજ ઉપર હાજર થયેલ અને ફરજ દરમ્યાન પ્રથમ પક્ષકાર સંસ્થાઓનાં માસ્ટર શ્રી રફીક અને મુબારક ચૌધરી પાસે પીસ રેટ વધારાની ચર્ચા કરેલ ત્યારે તેઓ ગુસ્સે થઈ માં–બેનની ગાળો આપવા લાગેલ અને જણાવેલ કે "અમોને તમારી જરૂર નથી અમારી પાસે ઘણી કંપની અને ઘણા માણસો છે તમો કાલથી કામ ઉપર આવતા નથી". બીજા પક્ષકાર તથા સાથી કામદારો તે દિવસની ફરજ પુરી કરી ઘરે જતા રહેલ. ત્યારબાદ બીજા પક્ષકાર તા.૦૮/૦૪/૨૦૧૮ નાં રોજ રાબેતા મુજબ ફરજ ઉપર હાજર થવા ગયેલ. ત્યારે પ્રથમ પક્ષકાર સંસ્થાઓનાં માસ્ટર રફીક અને મુબારક ચૌધરીએ જણાવેલ કે 'તમોને સેઠશ્રી રોહન અને સોહન સાહેબે કામ ઉપર લેવાનો ઈન્કાર કરેલ છે. આમ જણાવી બીજા પક્ષકારને કોઈપણ જાતનાં વ્યાજબી કારણ વિના, કિન્નાખોરી રાખી, કોઈપણ ગુના સંબંધી નોટીસ, ચાર્જશીટ કે ઘરગથ્થુ તપાસની કાર્યવાહી કર્યા સિવાય એકાએક મૌખિક હુકમથી તા.૦૮/૦૪/૨૦૧૮ નાં રોજથી છુટા કરેલ છે. બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકારો કોઈપણ જાતના કાનુની હકકો પણ આપેલ નથી કે લેખિતમાં છુટા કરવાનો હુકમ પણ આપેલ નથી. બીજા પક્ષકાર રોજબરોજ રાબેતા મુજબની ફરજ ઉપર કામની માંગણી કરવા સંસ્થા ઉપર જતા પરતું પ્રથમ પક્ષકારો કામ આપતા નથી કે સંસ્થામાં પ્રવેશ આપતા નથી. બીજા પક્ષકાર કાયમી કામદાર હોવા છતાં નોકરીમાંથી છુટા કરતાં પહેલા બચાવની કોઈ વ્યાજબી તક, સ્ટેન્ડીંગ ઓડર્સ અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત અનુસાર આપવામાં આવેલ નથી. કોઈ ચાર્જશીટ કે તેમની વિરૂધ્ધ કોઈ બનાવ સંબંધમાં ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી. નોકરીમાંથી છુટા કરતી વખતે કોઈ નોટીસ કે નોટીસ પગાર અને છટણી વળતર આઈ.ડી. એકટની કલમ ૨૫ (એફ) ની જોગવાઈ પ્રમાણે આપવામાં આવેલ નથી. તેમજ ભારતીય બંધારણના આર્ટીકલ ૧૪ અને ૨૧ વિરૂધ્ધનાં બીજા પક્ષકારનાં રાઈટ ઓફ લાઈવલીહુડનાં ફન્ડામેન્ટલ હક ઝુટવી લેતો હુકમ હોય તે રીતે પણ તેવો હુકમ શરૂઆતથી જ નલ એન્ડ વોઈડ હુકમ ગણાય તેમજ ગરીબ કામદારને નોકરી વગરનાં કરી આર્થિક રીતે પાયમાલ કરનારૂં છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારો ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છૂટા કરતા બીજા પક્ષકારે યુનિયન મારફતે તા.૧૦/૦૪/૨૦૧૮ ના રોજ પ્રથમ પક્ષકારની અગાઉની સંસ્થાનાં નામે પત્ર મોકલેલ. પરંતુ પ્રથમ પક્ષકારે તેનો કોઈ જવાબ આપેલ નથી. જેથી બીજા પક્ષકારે મદદનીશ શ્રમ આયુક્ત સાહેબ સમક્ષ આઈ. ડી. એક્ટની કલમ ૧૦ હેઠળ ફરીયાદ કરેલ. જેથી મદદનીશ શ્રમ આયુક્ત સાહેબે બન્ને પક્ષકારોને તેમની કચેરીએ બોલાવી સમાધાન કરવાનો પ્રયત્ન કરેલ. પરતું પ્રથમ પક્ષકારે હાજર થઈ તેનો ખોટો જવાબ આપેલ, પરતું બીજા પક્ષકારને કામે રાખવા સંમતિ બતાવેલ નથી. જેનું બીજા પક્ષકારે લેખિત જવાબ આપેલ. પ્રથમ પક્ષકારના જકકી વલણનાં કારણે સમાધાન શક્ય ન બનતા મદદનીશ શ્રમ આયુક્ત સાહેબે

પોતાને મળેલી સત્તાની રુએ સદરહુ વિવાદ નામદાર કોર્ટ સમક્ષ રેફરન્સ થયેલ છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારો નોકરીમાંથી છુટા કર્યા બાદ બીજા અનેક સ્થળોએ કામ મેળવવા પ્રયત્ન કરેલ હોવા છતાં બીજે કામ મળેલ નથી, કામનાં અભાવે બીજા પક્ષકાર તથા કુટુંબીજનોને ભારે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહેલ છે. બીજા પક્ષકાર સંસ્થામાં જે કામ કરતા હતા તે આજે પણ ચાલુ છે તેમની જગ્યાએ બીજા કામદારને પ્રથમ પક્ષકારે કામે રાખેલ છે. બીજા પક્ષકાર હાલ બેકાર છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે છુટા કર્યા ત્યારથી અને આજે પણ કામે રાખે તો જવા તૈયાર છે. બીજા પક્ષકારને તા. ૦૮/૦૪/૨૦૧૮ નાં રોજથી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે મૌખિક હુકમથી છુટા કરેલ હોય, સદરહુ ટરમીનેશન રદ બાતલ ઠરાવી બીજા પક્ષકારને પડેલા દિવસોનાં પુરેપુરા પગાર તથા અન્ય તમામ લાભો સહિત સળંગ સર્વિસથી પ્રથમ પક્ષકાર નોકરીમાં પુનઃસ્થાપિત કરે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

(૪)આ કામે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા તરફે આંક–૧૨ થી લેખિત જવાબ રજુ કરી તેનો પેરાવાઈઝ ઈન્કાર કરી તેઓએ જણાવેલ છે કે, સત્ય હકીકત એવી છે કે, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા ઉપરોકત સરનામે લીવ એન્ડ લાયસન્સ બેઝીઝ ઉપર ચાલતી હતી. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં તદ્દન હંગામી ધોરણે કામની જરૂરિયાત મુજબ પીસ રેટ કામદાર તરીકે કામ કરતા હતા. બીજા પક્ષકાર તથા બીજા પક્ષકારના યુનિયનના કેટલાક સભ્ય કામદારો પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં તા. ૦૮–૦૪–૨૦૧૮ ના રોજથી કોઈપણ જાતના વ્યાજબી અને પુરતા કારણો વિના વગર રજાએ ગેરહાજર રહેલ હતા. બીજા પક્ષકારને તેમને ગેરહાજરી બાબતે પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાને કોઈ જાણ કરેલ ન હતી. ઉપરોકત બાબતે બીજા પક્ષકારના યુનિયને પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાને તા. ૧૮–૦૪–૨૦૧૮ ના રોજ મોકલાવેલ પત્રના અનુસંધાને પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા તરફથી બીજા પક્ષકારના યુનિયનને રજી.એ.ડી. પોષ્ટ મારફતે તા. ૨૮–૦૪–૨૦૧૮ ના રોજ ઉકત સાચી હકીકતો જણાવતો જવાબ મોકલાવેલ હતો. તેમજ બીજા પક્ષકાર તથા અન્ય કામદારોને નોકરીની ફરજ ઉપર દિન–૨ માં હાજર રહેવા જણાવેલ હતું. ત્યારબાદ, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાની નોકરીની ફરજ ઉપર હાજર રહેલ ન હતા. ઉલટ, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા વિરૂધ્ધ મહે. મદદનીશ શ્રમ આયુક્ત શ્રી, વલસાડ સમક્ષ આઈ.ડી. એકટની કલમ– ૧૦ (૧) હેઠળ ફરિયાદ કરેલ હતી જે સંબંધે મહે. મદદનીશ શ્રમ આયુક્ત શ્રી, વલસાડ તરફથી પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાને કાઢવામાં આવેલ નોટિસ મળતાં, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા તરફથી તા. ૨૮–૦૫–૨૦૧૮ ના રોજ જવાબ આપી, તેમાં પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા તરફથી બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરેલ ન હોવાનું જણાવી બીજા પક્ષકારને નોકરીમાં લેવા ખુશી અને તૈયાર હોવાની હકીકત જણાવેલ હતી. ત્યારબાદ પણ, બીજા પક્ષકારના યુનિયનના સભાસદ કામદારો પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાની નોકરી ફરજ ઉપર હાજર રહેલ ન હતા. પરંતુ ત્યારબાદ, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા ઉત્પાદન પ્રક્રિયા ચલાવવા સંબંધે લીધેલ લીવ એન્ડ લાયસન્સની મુદ્દત પુરી થયેલ હતી તથા પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાના જગ્યાના માલિક તરફથી સદર લીવ એન્ડ લાયસન્સ ફરીથી રીન્યુ કરવાની ના પાડેલ હતી અને તેઓ તરફથી પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાની જગ્યાનો કબજાની માંગણી કરી તા. ૩૦–૦૬–૨૦૧૮ સુધીમાં ફેકટરી પ્રિમાઈસીસવાળી જગ્યા ખાલી કરવા જણાવેલ હતું. જે મુજબ, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા તરફથી તા.૩૦–૦૬–૨૦૧૮ પહેલા પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની જગ્યાના માલિકને તેનો શાંત અને પ્રત્યક્ષ કબજો સોંપેલ હતો. ત્યારબાદ, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાનું ઉત્પાદન કાર્ય સંપૂર્ણ બંધ છે અને બીજા પક્ષકારને નોકરીમાં પુનઃસ્થાપિત કરવા

શક્ય નથી. જે દરમ્યાન પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં કામ કરતા અન્ય કામદાર / કર્મચારીઓને તેમનું ભવિષ્ય ઉજજવળ ન જણાતાં, તેઓએ પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાની નોકરીમાંથી રાજીનામું આપી દીધેલ હતું. જે હકીકતમાં, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા તરફથી જગ્યાના માલિકને ફેકટરી પ્રિમાઈસિસનો કબજો સોંપ્યો તે સમયે પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં બીજા પક્ષકારના યુનિયનના સભાસદ કામદારો સિવાય કોઈ કામદારો બચેલ ન હતા. આમ, ઉપરોકત કારણોસર પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાની જગ્યાનો કબજો તેના માલિકને સુપ્રત કરેલ હોવાના કારણે ઉત્પાદન પ્રક્રિયા બંધ થઈ ગયેલ હતી. જેથી બીજા પક્ષકારને નોકરીમાં પુનઃસ્થાપિત કરવા શકય નથી. તેમજ પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં આવેલ મશીનરીઓ ખુબ જ જુના થઈ ગયેલ હોવાથી, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં આવેલ મશીનરીઓ પૈકીની ઘણી મશીનરીઓ ભંગારમાં વેચાણ આપી દીધેલ હતી. તા.૩૦–૦૬–૨૦૧૮ પહેલાથી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયા સદંતર બંધ થઈ ગયેલ છે. ત્યારબાદ, પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના ધંધામાં વૈશ્વીક મંદીના કારણે નવી જગ્યાએ ઉત્પાદન પ્રક્રિયા શરૂ કરવી શક્ય ન હતી. જેથી બીજા પક્ષકારને હમો પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાની નોકરીમાં પુનઃસ્થાપિત કરવા શક્ય નથી. જેથી પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા તરફથી મહે. મદદનીશ શ્રમ આયુક્ત શ્રી, વલસાડ સમક્ષ તા. ૦૯–૦૭–૨૦૧૮ ના રોજ આપેલ લેખિત જવાબમાં ઉકત હકીકતો જણાવી બીજા પક્ષકારને જુન – ૨૦૧૮ સુધીના તેમની નોકરી અંગેના હક – હિસ્સાના નાણાં મેળવી લેવા જણાવેલ હતું. તેમછતાં, બીજા પક્ષકારે ત્યારબાદ પણ પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાના સંચાલકોનો કોઈ સંપર્ક સાધેલ ન હતો. ઉપરોકત તમામ સંજોગોમાં, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા તરફથી તા. ૦૮–૦૪–૨૦૧૮ ના રોજ નોકરીમાંથી છુટા કરેલ ન હતા કે ઉપરોકત બાબતે બીજા પક્ષકારે માંગણાના નિવેદનમાં જણાવ્યા મુજબનો કહેવાતો કોઈ જ બનાવ બનેલ ન હતો. બીજા પક્ષકારે તેમની શરૂઆતથી છેવટ સુધીની નોકરી/કામ પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં કરેલ હતું. બીજા પક્ષકારે માંગણાના નિવેદનમાં જણાવેલ નોકરીમાંથી છુટા કર્યા તારીખના એક વર્ષ અગાઉ પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં ૨૪૦ દિવસ નોકરીની ફરજ બજાવેલ હોવાની હકીકત સાબિત કરવી જોઈએ. ઉપરોકત બાબતે બીજા પક્ષકારે માંગણાના નિવેદનમાં કોઈ પક્ષનિવેદન કરેલ નથી. તેમજ પ્રથમ પક્ષકાર નં. ૨ તથા પ્રથમ પક્ષકાર નં. ૩ સંસ્થાનો બીજા પક્ષકાર સાથે 'માલિક અને કામદાર' તરીકેનો કોઈ જ સંબંધ અસ્તિત્વ ધરાવતો નથી. પ્રથમ પક્ષકાર નં. ૨ તથા પ્રથમ પક્ષકાર નં. ૩ અલગ અલગ સરનામે આવેલ છે. જેથી પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયા બંધ થઈ ગયેલ હોવાથી, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં નોકરીમાં પુનઃસ્થાપિત કરી શકાય તેમ નથી. તેમજ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં. ૨ સંસ્થા કે પ્રથમ પક્ષકાર નં. ૩ સંસ્થામાં નોકરીમાં પુનઃસ્થાપિત થવા કે સમાવેશ થવા કાયદેસર રીતે હકદાર થતા નથી. ઉપરોકત તમામ હકીકતોને બાધ આવ્યા સિવાય જણાવવાનું કે, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા તરફથી મહે. મદદનીશ શ્રમ આયુક્ત શ્રી, વલસાડ સમક્ષ તા. ૦૯–૦૭–૨૦૧૮ ના રોજ આપેલ જવાબમાં જણાવેલ હકીકત મુજબ, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા બીજા પક્ષકારને તેમની નોકરી અંગેના હક્કોના નાણાં ચુકવવા ખુશી અને તૈયાર છે. ઉપરનાં તમામ સંજોગોમાં બીજા પક્ષકારે તેમના માંગણાનાં નિવેદન હેઠળ જે દાદ યા દાદો માંગેલ છે, તે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા પાસે કાયદેસર રીતે મેળવવા હક્કદાર થતા નથી કે માંગ્યા મુજબની દાદ આપવા પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા કાયદેસર રીતે જવાબદાર થતી નથી બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ કેસ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૫) આ કામે પ્રથમ પક્ષકાર નં.૨ તથા ૩ સંસ્થા તરફે આંક–૧૩ થી સંયુકત રીતે લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે, સત્ય હકીકત એવી છે કે, પ્રથમ પક્ષકાર નં. ૨ અને ૩ સંસ્થા પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાથી અલગ સરનામે અને સ્થળે ચાલે છે. પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા માંગણાના નિવેદનમાં જણાવેલ સરનામે લીવ એન્ડ લાયસન્સ બેઝીઝ ઉપર ચાલતી હતી. પ્રથમ પક્ષકાર નં. ૨ તથા ૩ સંસ્થાએ બીજા પક્ષકારને ક્યારેય નોકરીમાં રાખેલ નથી કે નિમણુંક આપેલ ન હતી. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં. ૨ તથા ૩ સંસ્થા તરફથી કયારેય કામની સોંપણી કરવામાં આવેલ નથી કે પગારની ચુકવણી કરવામાં આવેલ નથી. આમ, પ્રથમ પક્ષકાર નં. ૨ અને ૩ સંસ્થા સાથે બીજા પક્ષકારનો "માલિક અને કામદાર" તરીકેનો કોઈ જ સંબંધ અસ્તિત્વ ધરાવતો ન હતો. તેમજ પ્રથમ પક્ષકાર નં. ૨ અને ૩ સંસ્થા સાથે બીજા પક્ષકાર વચ્ચે ઔધોગિક તકરાર અધિનિયમ, ૧૯૩૭ ની કલમ – ૨ (એ) મુજબની કોઈ જ "ઔધોગિક તકરાર" અસ્તિત્વ ધરાવતી ન હતી. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં. ૨ અને ૩ સંસ્થાના કામદાર ન હોવાથી, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં. ૨ અને ૩ સંસ્થા તરફથી નોકરીમાંથી છુટા કરવામાં આવેલ નથી. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં. ૨ સંસ્થા કે પ્રથમ પક્ષકાર નં. ૩ સંસ્થામાં નોકરીમાં પુનઃસ્થાપિત થવા કે સમાવેશ થવા કાયદેસર રીતે હકદાર થતા નથી.

(૬)આ કામના બીજા પક્ષકાર તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–: બીજા પક્ષકારનો મૌખિક પુરાવો :–**

| | |
|---|---|
| ૧. | આંક– ૧૫ થી બીજા પક્ષકાર તરફે કિશોર ગંભીર મહાજનનું પુરાવા સોગંદનામું. |

**–: બીજા પક્ષકાર નો આંક–૯ થી દસ્તાવેજી પુરાવો :–**

| આંક/ નિ. | દસ્તાવેજોની વિગત | તારીખ |
|---|---|---|
| ૯/૧ | બી. પક્ષકારે પ્ર.પ નં.૧ને મોકલેલ માંગણાના નિવેદન જે પ્ર.પ. ને મળતા પરત આવેલ કવરની નકલ. | – |
| ૯/૨ | બી. પક્ષકારે પ્ર.પ નં.૨ને મોકલેલ માંગણાના નિવેદન જે પ્ર.પ. નં.૨ ને મળી જતા પરત આવેલ એકનોલેજમેન્ટની નકલ. | – |
| ૯/૩ | બી. પક્ષકારે પ્ર.પ નં.૩ને મોકલેલ માંગણાના નિવેદન જે પ્ર.પ. નં.૩ ન સ્વીકારતા રિફ્યુઝડના શેરાથી પરત આવેલ કવર. | – |

**–: બીજા પક્ષકારનો આંક–૧૪ થી દસ્તાવેજી પુરાવો :–**

| આંક/ નિ. | દસ્તાવેજોની વિગત | તારીખ |
|---|---|---|
| ૧૪/૧ | અમો કામદારો યુનિયનમાં જોડાયા તે બાબતની પ્રત્રની નકલ. | ૯/૪/૨૦૧૮ |

| | | |
|---|---|---|
| ૧૪/૨ | બીજા પક્ષકારનાં યુનિયને પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ. | ૧૦/૪/૨૦૧૮ |
| ૧૪/૩ | નિ. ૨ નો પત્ર જે લેફ્ટ શેરાથી પરત આવેલ કવરની નકલ. | -- |
| ૧૪/૪ | બીજા પક્ષકારનાં યુનિયને પ્રથમ પક્ષકાર નં. ૧,૨ અને ૩ ને લખેલ પત્રની નકલ. | ૧૮/૪/૨૦૧૮ |
| ૧૪/૫ | નિ. ૪નો પત્ર પ્ર.પ. નં. ૧ નો પત્ર જે લેફ્ટ શેરાથી પરત આવેલ કવરની નકલ. | -- |
| ૧૪/૬ | નિ. ૪નો પત્ર પ્ર.પ.નં. ૨ ને મળી ગયા બદલની પોસ્ટ ખાતાની નકલ. | -- |
| ૧૪/૭ | નિ. ૪નો પત્ર પ્ર.પ.નં.૩ ને મળી જતા પરત આવેલ એકનોલેજમેન્ટની નકલ. | -- |
| ૧૪/૮ | મદદનીશ શ્રમ આયુકત શ્રી એ યુનીયનને લખેલ પત્રની નકલ. | ૧૦/૫/૨૦૧૮ |
| ૧૪/૯ | મદદનીશ શ્રમ આયુકત શ્રી સમક્ષ આપેલ પ્રત્યોત્તરની નકલ. | ૧૮/૬/૨૦૧૮ |
| ૧૪/૧૦ | બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે આપેલ આઈ કાર્ડની અસલ નકલ. | -- |
| ૧૪/૧૧ | બીજા પક્ષકારના બેંક પાસબુકની ઝેરોક્ષ નકલ. | -- |

**-: બીજા પક્ષકારનો આંક-૧૮ થી દસ્તાવેજી પુરાવો :-**

| આંક/ નિશાની | દસ્તાવેજોની વિગત | તારીખ |
|---|---|---|
| ૧૮/૧ | બીજા પક્ષકારના આધારકાર્ડની નકલ. | -- |
| ૧૮/૨ | બીજા પક્ષકારના બેંક પાસબુકની નકલ. | -- |

(૭)આ કામના પ્રથમ પક્ષકાર નં.૧ થી ૩ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**-: પ્રથમ પક્ષકાર નં.૧ થી ૩ તરફે મૌખિક પુરાવો :-**

| | |
|---|---|
| ૧. | આંક-૨૩ થી શ્રી અલવિન સ્ટાનિસ્લાર્સ અલવારેસનું પુરાવા સોગંદનામુ. |

**-: પ્રથમ પક્ષકાર નં.૧ થી ૩ નો આંક-૨૦ દસ્તાવેજી પુરાવો :-**

| આંક/ નિશાની | દસ્તાવેજોની વિગત | તારીખ |
|---|---|---|
| ૨૦/૧ | પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાનું હાજરી પત્રકની નકલ. | એપ્રિલ-૨૦૧૬ થી |

| | | |
|---|---|---|
| | | ડીસે.– ૨૦૧૬ |
| ૨૦/૨ | –– એજન –– | જાન્યુ.–૨૦૧૭ થી ડીસે.– ૨૦૧૭ |
| ૨૦/૩ | –– એજન –– | જાન્યુ.–૨૦૧૮ થી મે– ૨૦૧૮ |
| ૨૦/૪ | પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના સેલરી તથા વેઈજ (પગારપત્રક) ની નકલ. | જાન્યુ.–૨૦૧૬ થી નવે.– ૨૦૧૬ |
| ૨૦/૫ | –– એજન –– | જાન્યુ.–૨૦૧૭ થી ડીસે.– ૨૦૧૭ |
| ૨૦/૬ | –– એજન –– | જાન્યુ.–૨૦૧૮ થી એપ્રિલ– ૨૦૧૮ |

(૮) આ કામે અત્રેની કોર્ટ દ્વારા આંક–૦૨ થી સુનાવણીની નોટિસ કાઢવામાં આવેલ છે. જે નોટીસ પક્ષકારોને બજી ગયેલ છે. ત્યારબાદ આંક–૦૮ થી બીજા પક્ષકાર તરફે યુનિયન પ્રતિનિધીશ્રી આર.એમ.પ્રજાપતિનું અધિકારપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં.૧ થી ૩ તરફે આંક–૧૦ થી વિ.વ.શ્રી પી.યુ.રાણાનું વકીલપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૧૬ થી પ્રથમ પક્ષકાર નં.૧ તરફે પ્રોડકશન ઓફ ડોકયુમેન્ટની અરજી રજુ થયેલ છે જે અરજી નામદાર કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૨૧ થી પ્રથમ પક્ષકાર નં.૨,૩ તરફે વિ.વ.શ્રી જે.ડી.પુરોહિતનું વકિલપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૨૨ થી બીજા પક્ષકાર તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. આંક – ૨૭ થી પ્રથમ પક્ષકાર સંસ્થાઓ તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

(૯) સદર કામે બીજા પક્ષકાર તરફે રેફરન્સ કેસ નંબર ૦૧/૨૦૧૯ ના કામે આંક–૨૮ થી નીચે મજુબના ચુકાદા રજુ થયેલ છે જે હાલના કામે ધ્યાને લીધેલ છે.

(1) Supreme Court 1979, A.I.R., Page No. 562, 1979 SCR, Page No.613
G.T. Lad and Others Vs. Chemicals and Fibers of India Ltd.

(2) 1998 LLR, Page No. 150 to 154
Management of U.P. Chemicals and Potteries Ltd. Gaziabad Vs. State of Uttar Pradesh.

(3) 2001 LLR, Page No. 54 to 57
Scooters India Ltd. Vs. M Mohammad Yakub.

(4) Supreme Court 1993, LLR, Page No. 584 to 591
D.K. Yadav Vs. M/s J.M.A. Industries Ltd.

(5) Civil Appeal No. 6767/2013, Supreme Court
Deepali Gundu Surwase Vs. Junier Adhyapak and Others.

(6) 1994 (2)CLR, Page No. 1990 (Bombay Highcourt)
Sundarlal Dhanraj Kasliwal Vs. Karamvir Kakasaheb Wagh Sakar Karkhana Ltd. and Others.

**(૧૦)** સદર કામે પ્રથમ પક્ષકાર નં. ૧ થી ૩ તરફે રેફરન્સ કેસ નંબર ૦૧/૨૦૧૯ ના કામે આંક-૨૯ થી નીચે મજુબના ચુકાદા રજુ થયેલ છે.

(1) 2008 (1) LLJ 1085 (Bom H.C.)
kumar k.l. c/o maharastra samyukta Kamgar Union Vs. V.P. Patil, Prisiding officer, First Labour Court, Bombay and Others.

(2) 2006 (1) All MR 46 (S.C.)
Surendranagar District Panchayat Vs. Gangaben Laljibhai & Ors.

(3) 2008 All MR 342 (S.C.)
Ranip Nagar Palika Vs.Babuji Gabhaji Thakore & Ors.

(4) Range Forest Ofiicer Vs. S.T. Hadimani.

(5) 2009 (5) All MR 970 (S.C.)
Haryana State Co-operative Supply Marketing Fedration Ltd. Vs. Sanjay

(7) Pipraich Sugar Mills Ltd. Vs. Pipraich Sugar Mills Mazdoor Union

(8) District Red Cross Society Vs. Babita Arora & Ors.

**(૧૧)** સમગ્ર કેસનું રેકર્ડ ધ્યાને લેતા, આ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ :-**

**મુદ્દા નં.૧**

શુ બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર છે અને તેઓએ સળંગ નોકરી કરેલ છે.?

**મુદ્દા નં.૨**

શુ બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકાર દ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે.?

**મુદ્દા નં.૩**

શુ બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓ પડેલા દિવસોનાં પગાર સહીત નોકરીમાં પુન: સ્થાપિત થવા હક્કદાર થાય છે?

**મુદ્દા નં.૪ :** શું હુકમ ?

**ઉપરોક્ત મુદ્દાઓનો જવાબ નીચે મુજબ છે.**

**મુદ્દા નં. ૧ : હકારમાં.**

**મુદ્દા નં. ૨ : હકારમાં**

**મુદ્દા નં. ૩ : અંશતઃ હકારમાં**

**મુદ્દા નં. ૪ : આખરી હુકમ મુજબ**

ઉપરોક્ત જવાબો અંગેના મારા કારણો નીચે મુજબ છે.

**-: કારણો :-**

**મુદ્દા નં. ૧ :-**

**(૧૨)** હવે ઉપસ્થિત કામનું વધુ રેકર્ડ જોતાં બીજા પક્ષકારે આંક-૦૭ થી તેમનું માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.-૧ સંસ્થામાં કાયમી પ્રકારનાં કામ ઉપર કાયમી કામદાર તરીકે તારીખ ૧૦/૦૧/૨૦૧૨ થી ટેલર તરીકે માસીક રૂા.૧૪,૦૦૦/- નાં પગારથી પોતાની ફરજ બજાવતા આવેલ છે. પ્રથમ પક્ષકાર નં.- ૧, ૨ અને ૩ સંસ્થાનાં માલીક એક જ હતા. પ્રથમ પક્ષકાર નં.-૧ થી ૩ સંસ્થાઓ અલગ-અલગ જગ્યામાં આવેલ છે. આ તમામ પ્રથમ પક્ષકાર સંસ્થાઓમાં ગારમેન્ટનું કામકાજ થતુ આવેલ છે. પ્રથમ પક્ષકાર નં.-૧ સંસ્થામાં ગારમેન્ટનું કામ થતુ આવેલ છે અને તે સંસ્થા હાલ પ્રથમ પક્ષકાર નં.-૩ નાં જણાવેલ સરનામે ચાલી રહેલ છે. પ્રથમ પક્ષકારો તેમની સંસ્થાઓનું નામ અને સ્થળ વારંવાર બદલી સરકારી ખાતાનાં અધિકારીઓને અંધારામાં રાખેલ રાખતા હતા. બીજા પક્ષકાર તથા તેમના સાથી કામદારો

પ્રથમ પક્ષકાર સંસ્થાઓ –૧ માં કાયમી પ્રકારના કામ ઉપર કાયમી કામદાર તરીકે એકધારી ફરજ બજાવતા હતા.

**(૧૩)**હાલના કામે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા તરફે આંક–૧૨ થી લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા ઉપરોકત સરનામે લીવ એન્ડ લાયસન્સ બેઝીઝ ઉપર ચાલતી હતી. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં તદ્દન હંગામી ધોરણે કામની જરૂરિયાત મુજબ પીસ રેટ કામદાર તરીકે કામ કરતા હતા. જયારે પ્રથમ પક્ષકાર નં.૨ તથા ૩ સંસ્થા તરફે જવાબ રજુ કરી જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર નં. ૨ અને ૩ સંસ્થા પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાથી અલગ સરનામે અને સ્થળે ચાલે છે. પ્રથમ પક્ષકાર નં. ૨ તથા ૩ સંસ્થાએ બીજા પક્ષકારને ક્યારેય નોકરીમાં રાખેલ નથી કે નિમણુંક આપેલ ન હતી. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં. ૨ તથા ૩ સંસ્થા તરફથી કયારેય કામની સોંપણી કરવામાં આવેલ નથી કે પગારની ચુકવણી કરવામાં આવેલ નથી. આમ, પ્રથમ પક્ષકાર નં. ૨ અને ૩ સંસ્થા સાથે બીજા પક્ષકારનો "માલિક અને કામદાર" તરીકેનો કોઈ જ સંબંધ અસ્તિત્વ ધરાવતો ન હતો.

**(૧૪)** હવે સદર કામે બીજા પક્ષકારે તેમના માંગણા નીવેદનના સમર્થનમાં આંક–૧૫ થી પુરાવા સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં તેઓએ માંગણા નીવેદનની હકિકતને સમર્થન કરેલ છે. ત્યારબાદ તેઓએ પ્રથમ પક્ષકાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, હું પ્રથમ પક્ષકાર કંપનીમાં માસિક રૂપિયા ૧૪ હજારના પગારથી ટેઈલર તરીકે નોકરી કરતો હતો તે બતાવવા માટે મેં હાલના કામે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. હું પ્રથમ પક્ષકાર નંબર–૧, પ્લોટ નંબર ૧૯૬/૩, સેકન્ડ ફેઝ જી.આઇ.ડી.સી વાપી ખાતે નોકરી કરતો હતો. એ વાત ખરી છે કે હું પીસ રેટ કામદાર તરીકે કામ કરતો હતો. એ વાત ખરી છે કે પીસ રેટ મુજબ મને દરેક મહિને અલગ અલગ પગાર મળતો હતો. એ વાત ખરી છે કે મારા બેંક સ્ટેટમેન્ટમાં કંપનીનું નામ જણાવેલ છે. એ વાત ખરી છે મેં પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૨૪૦ દિવસ કામ કરેલું હોય તે બતાવવા માટે હાલના કામે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પ્રથમ પક્ષકાર કંપનીએ મને કોઈ પુરાવો આપેલ નથી. મને રેફરન્સ કેસ ૦૧/૨૦૧૯ ના કામે રજુ થયેલ નિશાની ૨૦/૩ નું હાજરી પત્રક બતાવવામાં આવે છે જેમાં લખેલા નામો વાળા વ્યકતિ મારી સાથે કામ કરતા હતા અને તેમાં મારું નામ અનુક્રમ નંબર ૩૦ પર છે. એ વાત ખરી નથી કે હાજરી રજીસ્ટરમાં જાન્યુઆરી–૨૦૧૮ ના મહિનામાં મારી હાજરી ૨૩ દિવસની છે. એ વાત ખરી છે એપ્રિલ–૨૦૧૮ ના મહિનામાં મારી હાજરી ૦૫ દિવસ કામ કરેલ છે. મેં પ્રથમ પક્ષકાર કંપની માં છેલ્લે ૦૮/૦૪/૨૦૧૮ના રોજ ફરજ બજાવેલી. એ વાત ખરી છે કે મેં શરૂઆતથી છેવટ સુધી પ્રથમ પક્ષકાર નંબર–૦૧ સંસ્થામાં જ કામગીરી કરેલ છે. એ વાત ખરી નથી કે મેં પ્રથમ પક્ષકાર નંબર–૨ સંસ્થામાં ક્યારેય કામગીરી કરેલ નથી. **સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મહિનામાં બે થી ચાર દિવસ જ્યારે કામ વધારે રહેતું હતું ત્યારે પ્રથમ પક્ષકાર નંબર–૨ સંસ્થામાં કામ કરેલ છે.** એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર નંબર–૨ સંસ્થામાં શરૂઆતથી છેવટ સુધી મહિનાવાર કેટલા દિવસ કામ કરેલું તે બાબતનો કોઈ દસ્તાવેજી

પુરાવો રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે મને નોકરીમાં પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થા દ્વારા જ રાખવામાં આવેલ હતો. એ વાત ખરી છે કે મારો પગાર પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થા દ્વારા જ આપવામાં આવતો હતો. પ્રથમ પક્ષકાર નંબર–૨ તથા પ્રથમ પક્ષકાર નંબર–૩ સંસ્થા માં હું જ્યારે કામ કરતો હતો ત્યારે તેના મેનેજર તથા સુપરવાઇઝર કોણ હતું તે હું જાણતો હતો. એ વાત ખરી નથી કે મુબારક નામના વ્યકતિ માત્ર પ્રથમ પક્ષકાર નંબર–૨ તથા ૩ માં જ કામ કરતા હતા. પ્રથમ પક્ષકાર નંબર ૨ તથા ૩ માં ગારમેન્ટ તથા શર્ટ બનાવવામાં આવતા હતા. એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર નંબર–૧ ની મશીનરી પ્રથમ પક્ષકાર નંબર–૨ તથા ૩માં ખસેડવામાં આવી હોય તે બતાવવા માટે મેં કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકારના નંબર–૧ સંસ્થામાં કામ કરતા કામદારો પૈકિના કેટલાક કામદારો પ્રથમ પક્ષકાર નંબર–૨ તથા ૩ માં કામ કરે છે. એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર નંબર–૩ સંસ્થામાં મેં ક્યારેય કામ કરેલ નથી. એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર નંબર–૨ સંસ્થા બંધ થઇ ગયેલ છે. સને ૨૦૧૮ ના વર્ષમાં પ્રથમ પક્ષકાર નંબર –૩ સંસ્થા માં કેટલા કામદારો કામ કરતા હતા અને હાલમાં કેટલા કામદારો કામ કરે છે તેની સંખ્યા મને ખબર નથી. તારીખ ૦૮/૦૪/૨૦૧૮ ના રોજ હું પ્રથમ પક્ષકાર સંસ્થા નંબર–૧ કામ માંગવા માટે ગયેલો. એ વાત ખરી છે કે હું પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થામાં કામ કરતો હતો એટલા માટે જ કામ માંગવા માટે ગયેલો. એ વાત ખરી છે કે મને તારીખ ૮/૦૪/૨૦૧૮ ના રોજ પ્રથમ પક્ષકાર નંબર ૨ તથા ૩ સંસ્થાએ નોકરીમાંથી કાઢી મુકેલ નથી. એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર સંસ્થા નંબર ૧, ૨, તથા ૩ તમામ અલગ અલગ જગ્યાએ આવેલ છે.

**(૧૫)** આમ, બીજા પક્ષકારની ઉલટ તપાસ જોવામાં આવે તો તેઓ પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થામાં કામ કરતા હોવાનું અને પગાર પણ તેઓને પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થા દ્વારા આપેલ હોવાનું તથા છૂટા પણ પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાએ કરેલ હોવાનું જણાવેલ છે. તેમજ બીજા પક્ષકારે તેઓ પ્રથમ પક્ષકાર નંબર–૨ માં પણ કામ કરતા હોવાની હકીકત જણાવેલ છે. હવે આઇ.ડી. એકટમાં પીસ રેટમાં કામ કરતા કામદારોની કોઇ અલગથી વ્યાખ્યા આપવામાં આવેલ નથી. અને પીસે રેટ તરીકે કામ કરતા કામદારોની પણ કામદારની વ્યાખ્યામાં જ સમાવેશ થાય છે. જેથી બીજા પક્ષકાર પીસ રેટમાં કામ કરતા હોય તેનાથી કામદાર મટી જતા નથી. જેથી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાના કામદાર હોવાનું પુરવાર થાય છે. વધુમાં બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થામાં છુટા કર્યા તારીખથી અગાઉના એક વર્ષમાં સળંગ નોકરી કરેલ છે કે કેમ તે બાબતે જોવામાં આવે તો પ્રથમ પક્ષકાર નંબર–૧ તરફે તકરાર લેવામાં આવેલ છે કે બીજા પક્ષકારે તેઓને છુટા કરતા અગાઉ પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થામાં સળંગ નોકરી કરેલ નથી અને તે બાબતે તેઓએ માંગણા નીવદેનમાં ઉલ્લેખ કરેલ નથી. પરંતુ બીજા પક્ષકારનું પુરાવા સોગંદનામુ જોવામાં આવે તો તેમાં પેરા–૨ માં તેઓએ જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થામાં કાયમી પ્રકારના કામ ઉપર કાયમી કામદાર તરીકે એકધારી ફરજ બજાવતા હતા. જેથી તે હકિકત મુજબ બીજા પક્ષકારે માંગણા નીવેદનમાં જણાવેલ ન હોય પરંતુ તેમના પુરાવાના

સોગંદનામામાં જણાવેલ છે જેથી તેટલા માત્રથી તેઓએ સળંગ નોકરી કરેલ હોવાનું જણાવેલ ન હોય તેવુ પુરવાર થતુ નથી. હવે સદર કામે પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ તરફ આંક–૨૩ થી પુરાવા સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં જવાબની હકિકતને સમર્થન કરેલ છે. ત્યારબાદ બીજા પક્ષકાર તરફે તેઓની કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, **હું આ કામના બીજા પક્ષકાર ને ઓળખું છું અને તેઓ અમારે ત્યાં ટેલર તરીકેનું કામ કરતા હતા.** હું બીજા પક્ષકાર ક્યારે દાખલ થયેલા અને તેમનો છેલ્લો પગાર કેટલો હતો તે રેકર્ડ જોઈને જણાવી શકું. અમે બીજા પક્ષકારને ઓળખ પત્ર, હકક–રજા કાર્ડ, પગાર સ્લીપ, હાજરી કાર્ડ, નીયુકતી પત્ર, ઈ.એસ.આઈ કાર્ડ, આપેલા હોય તે બાબતે હાલના કેસમાં કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. હું આ દસ્તાવેજો ઘણા જુના હોય મને મળશે તો રજૂ કરીશ. **એ વાત ખરી છે કે બીજા પક્ષકાર દાખલ તારીખથી રજા સિવાય તારીખ ૦૮/૦૪/૨૦૧૮ સુધી સળંગ નોકરી કરેલી.** એ વાત ખરી છે કે બીજા પક્ષકાર કામદાર નોકરીના સમયગાળામાં રજા સિવાય ગેરહાજર રહેલા હોય અથવા કોઈ ગેરવર્તુણુક કરેલી હોય તે બાબતે તેઓને કોઈ નોટિસ આપવામાં આવેલી હોય તેવું બનેલું નથી. હવે સદર સાહેદ પ્રથમ પક્ષકાર નંબર ૧ થી ૩ તમામ સંસ્થાઓ વતી જુબાની આપેલ છે અને તેઓએ બીજા પક્ષકાર દાખલ તારીખથી રજા સીવાય તારીખ ૦૮/૦૪/૨૦૧૮ સુધી સળંગ નોકરી કરેલાનું સ્વીકાર કરેલ છે. વધુમાં પ્રથમ પક્ષકાર તરફે જે દસ્તાવેજો રજુ થયેલા છે તે સને ૨૦૧૬ થી સને ૨૦૧૮ સુધીના પગાર પત્રક અને હાજરી પત્રક રજુ કરેલા છે. પરંતુ પ્રથમ પક્ષકાર તરફે બીજા પક્ષકાર કામદાર કયારે દાખલ થયેલા તે બાબતે કોઈ ઓળખપત્ર કે ઓળખપત્ર રજીસ્ટર રજુ કરેલ નથી.

**(૧૬)** હવે ઔદ્યૌગીગ તકરાર ધારાની કલમ ૨૫(બી) મુજબ સળંગ નોકરીની વ્યાખ્યા જોવામાં આવે તો,

[25B. Definition of continuous service.—

For the purposes of this Chapter,—

(1) a workman shall be said to be in continuous service for a period if he is, for that period, in uninterrupted service, including service which may be interrupted on account of sickness or authorised leave or an accident or a strike which is not illegal, or a lock-out or a cessation of work which is not due to any fault on the part of the workman;

(2) where a workman is not in continuous service within the meaning of clause (1) for a period of one year or six months, he shall be deemed to be in continuous service under an employer—

(a) for a period of one year, if the workman, during a period of twelve calendar months preceding the date with reference to which calculation is to be made, has actually worked under the employer for not less than—

(i) one hundred and ninety days in the case of a workman employed below ground in a mine; and

(ii) two hundred and forty days, in any other case;

(b) for a period of six months, if the workman, during a period of six calendar months preceding the date with reference to which calculation is to be made, has actually worked under the employer for not less than—
(i) ninety-five days, in the case of a workman employed below ground in a mine; and
(ii) one hundred and twenty days, in any other case.

**(૧૭)** હવે, સદર કલમ ૨૫(બી) મુજબ બીજા પક્ષકારને તેઓને છુટા કર્યા તારીખથી આગળના એક કેલેન્ડર વર્ષમાં ૨૪૦ દિવસની નોકરી કરેલ હોવાનું પુરવાર કરવુ પડે. પરંતુ હાલના કામે રજુ થયેલ દસ્તાવેજો જોતા પ્રથમ પક્ષકાર તરફથી ત્રણેય સંસ્થાના હાજરી પત્રક કે પગાર પત્રક રજુ કરેલ નથી. **વધુમાં બીજા પક્ષકાર દ્રારા નીશાની ૧૪/૧૦ થી તેમના બેંક એકાઉન્ટનું સ્ટેટમેન્ટ રજુ કરેલ છે જેમાં બીજા પક્ષકારનું નામ તેમજ સંસ્થાનું નામ તરીકે પ્રથમ પક્ષકાર નંબર–૨ નાઓનું નામ જણાવેલ છે.** જેમાં સને ૨૦૧૭ થી ૨૦૧૮ ના પગારની વિગતો છે. **વધુમાં બીજા પક્ષકાર તરફે નીશાની ૧૮/૨ થી બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ રજુ કરેલ છે જેમાં પણ પ્રથમ પક્ષકાર નંબર–૨ નાઓનું નામ છે.** તેમજ હાલના કામે પ્રથમ પક્ષકાર નંબર–૧ તરફે રજુ થયેલા દસ્તાવેજો જોવામાં આવે તો તેમાં નીશાની ૨૦/૧ થી નીશાની ૨૦/૩ સુધી સને ૨૦૧૬ થી સને ૨૦૧૮ સુધીના પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાનું હાજરી પત્રક રજુ કરેલ છે. તેમજ નીશાની ૨૦/૪ થી ૨૦/૬ થી રજુ કરેલ પગાર પત્રકમાં સંસ્થાનું નામ લખેલ છે પરંતુ તે પૈકિ કઇ સંસ્થા છે તેનો ઉલ્લેખ નથી પરંતુ યુનીટ–૨ એમ લખેલ છે. જેથી આ પગાર પત્રક પ્રથમ પક્ષકાર નંબર–૨ નાઓનું હોવાનું જણાય છે અને તેમાં હાલના કામદારને પગાર પ્રથમ પક્ષકાર નંબર–૨ સંસ્થા દ્રારા ચુકવાયેલ હોવાનું જણાય છે. જેથી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નંબર–૧ દ્રારા હાજરી પુરવામાં આવતી હોય અને પગાર પ્રથમ પક્ષકાર નંબર–૨ દ્રારા ચુકવવામાં આવેલ હોય તેવુ પગાર પત્રક જોતા જણાય આવે છે. તેવા સંજોગોમાં પ્રથમ પક્ષકાર નંબર–૨ તથા ૩ ના હાજરી પત્રક અને પગાર પત્રક ઘ્યાને લેવા જરૂરી બને છે માત્ર હાલના કામે રજુ કરાયેલ પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાનું હાજરી પત્રક જોઇ અને બીજા પક્ષકારની નોકરીના દિવસોની ગણતરી થઇ શકે નહિ કારણ કે બીજા પક્ષકારને પગાર પ્રથમ પક્ષકાર નંબર–૨ સંસ્થા દ્રારા કરવામાં આવેલ હોય તેવુ સ્પષ્ટ જણાય છે. પરંતુ સદર કામે પ્રથમ પક્ષકાર નંબર–૨ તથા ૩ સંસ્થાના હાજરી પત્રક રજુ કરેલ નથી. **વધુમાં પ્રથમ પક્ષકાર નંબર ૧ થી ૩ ના સાહેદે પણ જણાવેલ છે કે આ ત્રણેય સંસ્થાના માલીક એક છે. અને ત્રણેય સંસ્થાઓનો વહીવટ પણ તેઓ જ કરે છે.** તેમજ હાલના કામે બીજા પક્ષકાર તરફે દલીલ કરવામાં આવેલ છે કે પ્રથમ પક્ષકાર નંબર– ૧ થી ૩ સંસ્થાઓએ અલગ અલગ સંસ્થાના પુરાવા રજુ કરેલ છે અને તે બાબતે પ્રથમ પક્ષકાર તરફે કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. વધુમાં બીજા પક્ષકારે તેમની ઉલટ માં પણ જણાવેલ છે કે તેઓને કયારેક પ્રથમ પક્ષકાર નંબર–૨ સંસ્થામાં પણ કામ કરવા બોલાવવામાં આવતા હતા. તેવા સંજોગોમાં પ્રથમ પક્ષકાર તમામ સંસ્થાઓના તમામ વર્ષોના હાજરી પત્રક અને પગાર પત્રક તથા અન્ય દસ્તાવેજો રજુ કરવા જોઇએ પરંતુ તેમ કરેલ નથી. જેથી પ્રથમ પક્ષકાર સંસ્થાઓ તરફે રજુ કરેલ દસ્તાવેજોમાંની વિગતો માનવાલાયક જણાતી

નથી અને જેથી પ્રથમ પક્ષકાર વિરુધ્ધ અનુમાન કરવુ જરૂરી છે અને બીજા પક્ષકારે પ્રથમ પક્ષનંબર–૧ સંસ્થામાં સળંગ નોકરી કરેલ હોય તેવુ પુરવાર થાય છે.

(૧૮) હાલના કામે પ્રથમ પક્ષકાર તરફે તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ઉચ્ચ કોર્ટના ચુકાદાઓ રજુ કરેલ છે. જેમાંના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવેલ છે.

**2008 (1) LLJ 1085 (Bom H.C.)**

**kumar k.l. c/o maharastra samyukta Kamgar Union Vs. V.P. Patil, Prisiding officer, First Labour Court, Bombay and Others.**

In my view, the Labour Court cannot be faulted for having dismissed the Reference. There is not even a whisper in the statement of claim that the petitioner had worked in Dowell prior to his employment with Respondent No.2 and that his services with Dowell should be treated as continuous with his employment in Respondent No.2 in order to compute whether the petitioner had completed 240 days in service. There is no pleading at all in the statement of claim that the petitioner had applied for employment with Dowell and that the name of the prospective employer in his application had been changed to Respondent No.2. The submissions of the learned advocate for the petitioner who has relied on the judgments in Ram Sarup Gupta & Ors. v/s. Bishun Narain Inter College and Ors., 1987 (2) SCC 555 SC; Bhagwati Prasad v/s. Shri Chandramaul, 1966 (2) SCR 286 SC; Oriental Insurance Co. Ltd. v/s. Sunderbai & Anr., 1998 (1) LLJ 37 MP; Himanshu Sekhar Sharma v/s. Presiding Officer, Labour Court & Ors., 1994(1) LLJ 1124 ORI to submit that pleadings should be liberally construed, though correct, cannot be accepted in the present case. There is no doubt that technical pleas should not be a hurdle in granting relief under welfare legislation. However, in the present case, when the foundation of the petitioner's contention is based on whether he had completed 240 days in service there must be some pleading to the effect that he had worked with the sister concern of Respondent No.2 and that his name was included on the muster roll of Respondent No. 2 only by way of subterfuge. When this basic pleading is absent, it is extremely difficult to consider the evidence on record although strict rules of pleadings may not apply to labour litigation. In the present case, the petitioner has not sought a reference against Dowell at all nor has the petitioner asked for a corrigendum to be issued to make Dowell a party to the Reference. In such circumstances, it is difficult to uphold the contention of the learned advocate for the petitioner. It is well settled that no amount of evidence can take the place of the pleadings. The evidence must be founded on the pleadings so that the contesting party is not taken unawares by the evidence.

**2006 (1) All MR 46 (S.C.)**

**Surendranagar District Panchayat Vs. Gangaben Laljibhai & Ors.**

It was held in all these cases that the burden of proof lies on the workman to show that he had worked continuously for 240 days for the preceding one year and it is for the workman to adduce evidence apart from examining himself to prove the factum of being in employment of the employer.

**Range Forest Ofiicer Vs. S.T. Hadimani.**

For the view we are taking, it is not necessary to go into the question as to whether the appellant is an "industry" or not, though reliance is placed on the decision of this Court in State of Gujarat V/s. Pratam Singh Narsinh Parmar. (JT 2001 (3) SC 326). In our opinion the Tribunal was not right in placing the onus on the Management without first determining on the basis of cogent evidence that the respondent had worked for more than 240 days in the year preceding his termination. It was the case of the claimant that he had so worked but this claim was denied by the Appellant. It was then for the claimant to lead evidence to show that he had in fact worked for 240 days in the year preceding his termination. Filing of an affidavit is only his own statement in his favour and that cannot be regarded as sufficient evidence for any Court or Tribunal to come to the conclusion that a workman had, in fact, worked for 240 days in a year. No proof of receipt of salary or wages for 240 days or order or record of appointment or engagement for this period was produced by the workman. On this ground alone, the award is liable to be set aside. However, Mr. Hegde appearing for the Department states that the State is really interested in getting the law settled and the respondent will be given an employment on compassionate grounds on the same terms as he was allegedly engaged prior to his termination, within two months from today.

2009 (5) All MR 970 (S.C.)

**Haryana State Co-operative Supply Marketing Fedration Ltd. Vs. Sanjay**

In what we have discussed above, the conclusion would appear to us to be inescapable that the office of the District Manager, Jind and the office of the District Manager, Hissar are separate and distinct and the services rendered by the workman at these two establishments cannot be clubbed for the purpose of reckoning continuity of service within the meaning of Section 25-F read with Section 25-B of the ID Act. The workman having not completed 240 days of continuous service under the employer in the year preceding his termination, Section 25-F is not at all attracted. In the circumstances, the impugned Judgment cannot be sustained and has to be set aside.

ઉપરોકત તમામ ચુકાદાઓ વંચાણે લીધા અને સદર ચુકાદાઓમાં ૨૪૦ દિવસ કામ કરેલાનું પુરવાર કરવાનો બોજો કામદાર પર રહેલ છે તેવુ જણાવેલ છે. પરંતુ હાલના કામે બીજા પક્ષકાર

કામ પ્રથમ પક્ષકાર નંબર–૧ માં કરતા હોવાનું જણાય છે પરંતુ પ્રથમ પક્ષકાર તરફે રજુ કરેલા દસ્તાવેજો જોતા તેઓને પ્રથમ પક્ષકાર નંબર–૨ નાએ પગાર ચુકવેલ હોવાનું જણાય છે. જેથી આ દસ્તાવેજો પર અધાર રાખી અને બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં સળંગ નોકરી કરેલ ન હોય તેવુ માની શકાય નહિ. **વધુમાં પ્રથમ પક્ષકારના સાહેદે જયારે તેમની ઉલટ તપાસમાં બીજા પક્ષકાર દાખલ થયા ત્યારથી છુટા કર્યા તારીખ સુધી પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થામાં સળંગ નોકરી કરેલ હોવાનો સ્વીકાર કરેલ હોય તેવા સંજોગોમાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાના કામદાર હોવાનું અને તેમાં સળંગ નોકરી કરેલ હોવાનું પુરવાર થાય છે** જેથી **મુદ્દા નંબર–૧** નો જવાબ હું હકારમાં આપુ છુ.

**મુદ્દા નંબર–૨**

**(૧૯)** હવે હાલના કામે બીજા પક્ષકારની રજુઆત છે કે, કામદારો સંસ્થાઓનાં સંચાલકો પાસે વારંવાર પીસ રેટ વધારવાની માંગણી કરતા હોવા છતા તેઓ પીસ રેટનું ભાવ વધારતા ન હતા. જેથી બીજા પક્ષકાર તથા સાથી કામદારો તા. ૦૭/૦૪/૨૦૧૮ નાં રોજ પોતાની રાબેતા મુજબ ફરજ ઉપર હાજર થયેલ અને ફરજ દરમ્યાન પ્રથમ પક્ષકાર સંસ્થાઓનાં માસ્ટર શ્રી રફીક અને મુબારક ચૌધરી પાસે પીસ રેટ વધારાની ચર્ચા કરેલ ત્યારે તેઓ ગુસ્સે થઈ માં–બેનની ગાળો આપવા લાગેલ અને જણાવેલ કે "અમોને તમારી જરૂર નથી અમારી પાસે ઘણી કંપની અને ઘણા માણસો છે તમો કાલથી કામ ઉપર આવતા નથી". બીજા પક્ષકાર તથા સાથી કામદારો તે દિવસની ફરજ પુરી કરી ઘરે જતા રહેલ. ત્યારબાદ બીજા પક્ષકાર તા.૦૮/૦૪/૨૦૧૮ નાં રોજ રાબેતા મુજબ ફરજ ઉપર હાજર થવા ગયેલ ત્યારે પ્રથમ પક્ષકાર સંસ્થાઓનાં માસ્ટર રફીક અને મુબારક ચૌધરીએ જણાવેલ કે 'તમોને સેઠશ્રી રોહન અને સોહન સાહેબે કામ ઉપર લેવાનો ઈન્કાર કરેલ છે. આમ જણાવી બીજા પક્ષકારને કોઈપણ જાતનાં વ્યાજબી કારણ વિના, કિન્નાખોરી રાખી, કોઈપણ ગુના સંબંધી નોટીસ, ચાર્જશીટ કે ઘરગથ્થુ તપાસની કાર્યવાહી કર્યા સિવાય એકાએક મૌખિક હુકમથી તા.૦૮/૦૪/૨૦૧૮ નાં રોજથી છુટા કરેલ છે. જયારે પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાએ રજુઆત કરેલ છે કે, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા ઉપરોકત સરનામે લીવ એન્ડ લાયસન્સ બેઝીઝ ઉપર ચાલતી હતી. બીજા પક્ષકાર તથા બીજા પક્ષકારના યુનિયનના કેટલાક સભ્ય કામદારો પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં તા.૦૮–૦૪–૨૦૧૮ ના રોજથી કોઈપણ જાતના વ્યાજબી અને પુરતા કારણો વિના વગર રજાએ ગેરહાજર રહેલ હતા. બીજા પક્ષકારને તેમને ગેરહાજરી બાબતે પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાને કોઈ જાણ કરેલ ન હતી. ઉપરોકત બાબતે બીજા પક્ષકારના યુનિયને પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાને તા.૧૮–૦૪–૨૦૧૮ ના રોજ મોકલાવેલ પત્રના અનુસંધાને પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા તરફથી બીજા પક્ષકારના યુનિયનને રજી.એ.ડી. પોષ્ટ મારફતે તા. ૨૮–૦૪–૨૦૧૮ ના રોજ ઉકત સાચી હકીકતો જણાવતો જવાબ મોકલાવેલ હતો. તેમજ બીજા પક્ષકાર તથા અન્ય કામદારોને નોકરીની ફરજ ઉપર દિન–૨ માં હાજર રહેવા જણાવેલ હતું. ત્યારબાદ, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાની નોકરીની ફરજ ઉપર હાજર રહેલ ન હતા. ઉલટ, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા વિરૂધ્ધ મહે. મદદનીશ શ્રમ આયુક્ત શ્રી,

વલસાડ સમક્ષ આઈ.ડી. એકટની કલમ– ૧૦ (૧) હેઠળ ફરિયાદ કરેલ હતી જે સંબંધે મહે. મદદનીશ શ્રમ આયુક્ત શ્રી, વલસાડ તરફથી પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાને કાઢવામાં આવેલ નોટિસ મળતાં, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા તરફથી તા. ૨૮–૦૫–૨૦૧૮ ના રોજ જવાબ આપી, તેમાં પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા તરફથી બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરેલ ન હોવાનું જણાવી બીજા પક્ષકારને નોકરીમાં લેવા ખુશી અને તૈયાર હોવાની હકીકત જણાવેલ હતી. ત્યારબાદ પણ, બીજા પક્ષકારના યુનિયનના સભાસદ કામદારો પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાની નોકરી ફરજ ઉપર હાજર રહેલ ન હતા. પરંતુ ત્યારબાદ, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા ઉત્પાદન પ્રક્રિયા ચલાવવા સંબંધે લીધેલ લીવ એન્ડ લાયસન્સની મુદ્દત પુરી થયેલ હતી તથા પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાના જગ્યાના માલિક તરફથી સદર લીવ એન્ડ લાયસન્સ ફરીથી રીન્યુ કરવાની ના પાડેલ હતી અને તેઓ તરફથી પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાની જગ્યાનો કબજાની માંગણી કરી તા. ૩૦–૦૬–૨૦૧૮ સુધીમાં ફેકટરી પ્રિમાઈસીસવાળી જગ્યા ખાલી કરવા જણાવેલ હતું. જે મુજબ, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા તરફથી તા.૩૦–૦૬–૨૦૧૮ પહેલા પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની જગ્યાના માલિકને તેનો શાંત અને પ્રત્યક્ષ કબજો સોંપેલ હતો. ત્યારબાદ, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાનું ઉત્પાદન કાર્ય સંપૂર્ણ બંધ છે અને બીજા પક્ષકારને નોકરીમાં પુનઃસ્થાપિત કરવા શક્ય નથી. તેમજ પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં આવેલ મશીનરીઓ ખુબ જ જુના થઈ ગયેલ હોવાથી, પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં આવેલ મશીનરીઓ પૈકીની ઘણી મશીનરીઓ ભંગારમાં વેચાણ આપી દીધેલ હતી. તા.૩૦–૦૬–૨૦૧૮ પહેલાથી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયા સદંતર બંધ થઈ ગયેલ છે. ત્યારબાદ, પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના ધંધામાં વૈશ્વીક મંદીના કારણે નવી જગ્યાએ ઉત્પાદન પ્રક્રિયા શરૂ કરવી શક્ય ન હતી. જેથી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાની નોકરીમાં પુનઃસ્થાપિત કરવા શક્ય નથી. જેથી પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા તરફથી મહે. મદદનીશ શ્રમ આયુક્ત શ્રી, વલસાડ સમક્ષ તા.૦૯–૦૭–૨૦૧૮ ના રોજ આપેલ લેખિત જવાબમાં ઉકત હકીકતો જણાવી બીજા પક્ષકારને જુન – ૨૦૧૮ સુધીના તેમની નોકરી અંગેના હક – હિસ્સાના નાણાં મેળલી લેવા જણાવેલ હતું. તેમ છતાં, બીજા પક્ષકારે ત્યારબાદ પણ પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાના સંચાલકોનો કોઈ સંપર્ક સાધેલ ન હતો.

**(૨૦)** આ કામે બીજા પક્ષકારે હાલનો રેફરન્સ મદદનીશ મજુર કમીશનર સમક્ષ તારીખ ૧૯/૦૪/૨૦૧૮ ના રોજ દાખલ કરેલ છે જે કામે પ્રથમ પક્ષકાર પક્ષકાર નંબર–૧ સંસ્થાએ તારીખ ૨૮/૦૪/૨૦૧૮ ના રોજ બીજા પક્ષકારના યુનીયન ગુજરાત રાજય કામદાર સેવા સંઘ નાઓને તેમના તારીખ ૧૮/૦૪/૨૦૧૮ ના પત્ર બાબતે જવાબ આપેલ તે રજુ કરેલ છે. જેમાં બીજા પક્ષકાર કામદાર તથા અન્ય કામદાર તારીખ ૦૮/૦૪/૨૦૧૮ ના રોજ કોઈ પણ જાતના કારણ વિના કંપનીમાં વગર રજાએ ગેરહાજર રહેતા આવેલ હોવાનું જણાવેલ છે. અને તે પત્ર મળ્યેથી દિન–૨માં તમામ કામદારોને રાબેતા મુજબની ફરજ પર હાજર થઈ જવા સુચના આપવા જણાવેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે મદદનીશ મજુર કમીશનર સમક્ષ તારીખ ૨૮/૦૫/૨૦૧૮ ના રોજ જવાબ રજુ કરેલ અને તે જવાબમાં પણ બીજા પક્ષકાર તારીખ

૦૮/૦૪/૨૦૧૮ ના રોજથી ગેરહાજર રહેતા હોવાનું અને બીજા પક્ષકાર કામદારને આજે પણ રાખવા ખુશી અને તૈયાર છે તેવુ જણાવેલ છે. જે જવાબ નીચે બીજા પક્ષકારના યુનીયન પ્રતિનિધિએ તેઓ નોકરી પર જવા તૈયાર છે તેવુ જણાવેલ છે. ત્યારબાદ બીજા પક્ષકાર તરફે મદદનીશ મજુર કમીશનર સમક્ષ તારીખ ૧૮/૦૬/૨૦૧૮ ના રોજ જવાબ રજુ કરી જણાવેલ કે બીજા પક્ષકાર કામદારે તારીખ ૧૦/૦૪/૨૦૧૮ ના રોજ તેમના યુનીયનના મારફતે સામાવાળાને પત્ર લખેલ જે પત્ર લેફટના શેરા સાથે પરત આવેલ અને સામાવાળા સંસ્થાના નામ જુદા જુદા રાખી છળ કપટ કરી રહેલ છે. અને અને બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સસ્થામાં અનેક વાર કામ માંગવા ગયેલ અને ફરજ પર લીધેલ નથી અને તેઓ આજની તારીખે પણ ફરજ બજાવવા રાજી છે. ત્યારબાદ બીજા પક્ષકાર તરફે પ્રથમ પક્ષકાર નંબર–૩ તરીકે પ્લોટ નંબર–૭૩૨, મેં એકવાયરીસ ઇન્ડીયા મેન્યું એન્ડ સોર્સીગ પ્રા.લી. ને જોડવા અરજી તારીખ ૧૮/૦૬/૨૦૧૮ ના રોજ આપેલ. ત્યારબાદ પ્રથમ પક્ષકાર નંબર–૧ દ્વારા તારીખ ૦૯/૦૭/૨૦૧૮ નારોજ મદદનીશ મજુર કમીશનર સમક્ષ જવાબ રજુ કરી જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા જે સરનામે ચાલતી હતી તે લીવ એન્ડ લાયસન્સ બેઝીસ પર ચાલતી હતી અને તેની મુદત પુરી થયે તેનો કબજો જમીન માલીકને સુપરત કરેલ અને તારીખ ૩૦/૦૬/૨૦૧૮ના રોજ સુપરત કરેલ હતો. અને ઉત્પાદન પ્રક્રીયા બંધ થઇ ગયેલ છે અને તેઓ બીજા પક્ષકારને તેમના નોકરી અંગેના હકકોના નાણા ચુકવા તૈયાર છે.

**(૨૧)** હવે સદર કામે બીજા પક્ષકારે તેમની રજુઆતના સમર્થનમાં નીશાની ૧૪/૧ થી કામદારો યુનીયનમાં જોડાયા તે બાબતનો લખેલ પત્રની નકલ રજુ કરેલ છે. તેમજ નીશાની ૧૪/૨ થી બીજા પક્ષકારના યુનીયને તારીખ ૧૦/૦૪/૨૦૧૮ ના રોજ પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ રજુ કરેલ છે જે નીશાની ૧૪/૩ થી લેફટના શેરા સાથે પરત ફરેલ છે. ત્યાબાદ બીજા પક્ષકારના યુનીયને પ્રથમ પક્ષકાર નંબર ૧ થી ૩નાઓને લખેલ તારીખ ૧૮/૦૪/૨૦૧૮ ના રોજ લખેલ પત્રની નકલ રજુ કરેલ છે જે નીશાની ૧૪/૫ થી પ્રથમ પક્ષકાર નંબર–૧ નું કવર પરત ફરેલ છે તેમજ પ્રથમ પક્ષકાર નંબર ૨ તથા ૩નાઓને નીશાની ૧૪/૬ તથા નીશાની ૧૪/૭ થી મળી ગયેલ છે. તેમજ નીશાની ૧૪/૯ થી બીજા પક્ષકારના યુનીયને મદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ રજુ કરેલ જવાબની નકલ તારીખ ૧૮/૦૬/૨૦૧૮ ના રોજની રજુ કરેલ છે.

**(૨૨)** આમ, ઉપરોકત તમામ હકિકત જોવામાં આવે તો પ્રથમ પક્ષકારની રજુઆત મુજબ બીજા પક્ષકાર કામદાર તથા અન્ય સાથી કામદારો પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થામાં તારીખ ૦૮/૦૪/૨૦૧૮ ના રોજથી કોઇ પણ કારણ વિના ગેરહાજર રહેલ છે અને તે બાબતે તેઓએ મદદનીશ મજુર કમીશનર સમક્ષ જવાબ પણ રજુ કરેલ છે અને બીજા પક્ષકાર કામદારને રાખવાની તૈયારી પણ બતાવેલ છે અને બીજા પક્ષકારે અનેક વખત કામ પર ગયેલાનું પણ તેઓને રાખવામાં આવેલ ન હોવાનું જણાવેલ છે. હવે પ્રથમ પક્ષકાર નંબર–૧ નાઓએ બીજા પક્ષકાર તારીખ ૦૮/૦૪/૨૦૧૮ ના રોજથી ગેરહાજર રહેતા હોવા બાબતે બીજા પક્ષકારને તેમના સરનામા પર

કોઈ પત્ર લખેલ હોય કે નોટીસ આપેલ હોય તેવા કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકારના સાહેદે પણ સ્વીકારેલ છે કે પ્રથમ પક્ષકાર નંબર ૧ થી ૩ સંસ્થાના માલીકો એક જ છે. વધુમાં પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થા બંધ ગયેલ હોય તેવુ જણાવેલ છે અને તેમાંના મશીનો પ્રથમ પક્ષકાર નંબર–૨ સંસ્થામાં લઇ ગયેલ હોવાનું જણાવેલ છે પરંતુ પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાનું કાયદેસર રીતે આઇ.ડી એકટની જોગવાઇ મુજબ કલોઝર કરેલ હોય તેવો કોઇ પણ દસ્તાવેજી પુરાવો પ્રથમ પક્ષકાર તરફથી રજુ કરવામાં આવેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થા જયારે લીવ એન્ડ લાયસન્સ પર ચાલતી હોય અને તેની અવધી પુરી થતી હોય તેવા સંજોગોમાં તે બાબતની જાણ પ્રથમ પક્ષકાર દ્વારા કોઇ સક્ષમ ઓથોરીટીને કે કામદારોને કે તેમના યુનીયનને અગાઉથી કરવામાં આવેલ હોય તેવુ પણ પુરવાર કરેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર દ્વારા સંસ્થા સંપુર્ણપણે કલોઝર કરેલ હોય તે બાબતે બીજા પક્ષકાર તેમજ અન્ય કામદારોને કલોઝર કંપન્શેશન આપેલ હોય કે વ્યકતિગત રીતે તેઓને તે બાબતે પત્ર લખેલ હોય તેવુ પણ પુરવાર કરેલ નથી. સદર કામે પ્રથમ પક્ષકારો તરફેના સાહેદની બીજા પક્ષકાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, બીજા પક્ષકાર સંસ્થામાં કામ પર આવતા ન હતા તે બાબતે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્ધારા ડાયરી મેન્ટેન કરવામાં આવેલી હતી અને તેમાં નોંધ કરવામાં આવતી હતી. તે ડાયરી હું હાલમાં ઘણો સમય થયેલ હોય રજૂ કરી શકું તેમ નથી. **બીજા પક્ષકાર કામદાર ગેરહાજર રહેતા હોય તેથી તેઓનું નામ રજીસ્ટર માંથી દૂર કરવામાં આવેલ છે.** બીજા પક્ષકાર કામદાર ગેરહાજર રહેતા હોય તે બાબતે તેઓના વિરુદ્ધ કોઈ ચાર્જશીટ કે ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી. **સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બીજા પક્ષકાર કામદારને અમારા તરફથી પત્ર લખવામાં આવેલ.** એ વાત ખરી છે કે બીજા પક્ષકાર કામદારને પત્ર લખેલ તે પત્ર હાલના કામે રજૂ કરેલ છે. **એ વાત ખરી છે કે બીજા પક્ષકાર કામદારને વ્યક્તિગત રીતે કોઈ પત્ર લખેલો નથી.** એ વાત ખરી છે કે નિશાની ૧૪/૪ વાળો પત્ર અમોને મળ્યા બાદ અમોએ તારીખ ૨૮/૦૪/૨૦૧૮ ના રોજનો બીજા પક્ષકાર કામદારના યુનિયનને પત્ર લખેલ છે. એ વાત ખરી છે કે આ પત્ર લખવામાં આવેલ ત્યારબાદ પણ અમોએ કામદારને કોઈ ચાર્જશીટ કે કોઈ ખાતાકીય તપાસ તેમના વિરુદ્ધ કરેલી નથી. **એ વાત ખરી છે કે બીજા પક્ષકાર કામદારનું નામ રજીસ્ટરમાંથી કમી કરવામાં આવેલ ત્યારબાદ તેઓના કાયદેસરના હકના નાણા અમોએ તેઓના ખાતામાં જમા કરાવેલા નથી કે કામદારને પોસ્ટ દ્ધારા મોકલાવેલ નથી.** એ વાત ખરી છે કે અમારી સંસ્થામાં આજે પણ સિલાઈ કામ ચાલુ છે. એ વાત ખરી છે કે સિલાઈ કામ બીજા કામદારો કામ કરે છે. સાહેદ સ્વેછાએ જણાવે છે કે પ્લોટ નંબર– ૭૩૨ માં સીલાઇ કામ ચાલુ છે. **એ વાત ખરી છે કે આજે પણ એકવારીયસ ઈન્ડીયા મેન્યુ. એન્ડ સોર્સીંગ પ્રા. લી. કંપની ચાલુ છુ.**

**(૨૩)** આમ, ઉપરોકત પ્રથમ પક્ષકારની ઉલટ તપાસ જોવામાં આવે તો પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાએ બીજા પક્ષકારે તારીખ ૦૮/૦૪/૨૦૧૮ ના રોજથી ગેરહાજર રહેતા હોય તે બાબતે વ્યકતિગત રીતે કોઇ નોટીસ આપેલ નથી અને જયારે યુનીયન તરફથી પત્ર લખવામાં આવેલ ત્યારબાદ જવાબ આપેલ છે. અને એકસાથે ઘણા કામદારો વગર પરવાનગીએ ગેરહાજર રહેતા હોય

અને તે બાબતે તેઓને વ્યકતિગત રીતે પત્ર લખેલ ન હોય તે હકિકત માનવાને લાયક નથી. વધુમાં પ્રથમ પક્ષકાર તરફેની રજુઆત મુજબ બીજા પક્ષકારનું નામ રજીસ્ટરમાંથી દુર કરવામાં આવેલ છે. જેથી પ્રથમ પક્ષકારનો ઇરાદો બીજા પક્ષકારને પરત કામ પર રાખવાનો જણાતો નથી. કારણ કે પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થા એક તરફ બીજા પક્ષકાર કામદારને છુટા કરેલ નથી તેવુ જણાવે છે અને હાજર થવા જણાવે છે જયારે બીજી તરફ તેઓનું નામ હાજરી રજીસ્ટરમાંથી દુર કરેલ છે. જેથી બીજા પક્ષકાર કામદારે સ્વેછાએ ત્યાગ કરેલ હોય તેવુ પણ પુરવાર થતુ નથી.

**(૨૪)** હવે બીજા પક્ષકાર તરફે નીચે મુજબના કેટલા ચુકાદાઓ રજુ કરેલ છે જેને હાલના કામે ઘ્યાને લેવામાં આવેલ છે.

**Supreme Court 1979, A.I.R., Page No. 562, 1979 SCR, Page No.613**

**G.T. Lad and Others Vs. Chemicals and Fibers of India Ltd.**

From the connotations reproduced above it clearly follows that to constitute abandonment, there must be total or complete giving up of duties so as to indicate an intention not to resume the same. In Buckingham Co. V/s. Venkatiah (1964) 4 SCR 265, it was observed by this Court that under common law an inference that an employee has abandoned or relinquished service is not easily drawn unless from the length of absence and from other surrounding circumstances an inference to that effect can be legitimately drawn and it can be assumed that the employee intended to abandon service. Abandonment or relinquishment of service is always a question of intention, and normally, such an intention cannot be attributed to an employee without adequate evidence in that behalf. Thus whether there has been abandonment of service or not is a question of fact which has to be determined in the light of the surrounding circumstances of each case.

**1998 LLR, Page No. 150 to 154**

**Management of U.P. Chemicals and Potteries Ltd. Gaziabad Vs. State of Uttar Pradesh.**

It may be noticed that retrenchment in ordinary parlance means discharge of the surplus. Taking into account the special meaning assigned to the expression, 'retrenchment' under the statute, it has to be held that it includes within its ambit termination of service of employment of a workman for any reason whatsoever excluding termination on account of inflicting punishment by way of disciplinary action and further excluding voluntary retirement or retirement on reaching the age of superannuation as specifically excluded from its purview by the Statute itself.

It may usefully be noticed that the implications arising under a similar provision as contained in Standing Order 10 (j) referred to hereinabove came

up for consideration by the Apex Court in its decision in the case of D. K. Yadav V/s. M/s. J. M. A. Industries Ltd. , reported in J. T.1993 (3)S. C.617. The Hon ble Supreme Court in its aforesaid decision referring to its earlier decisions had reiterated the view that the expression retrenchment was a comprehensive one intended to cover any action of management to put an end to employment of any employee for any reason whatsoever, clarified that the striking off the name from the rolls for unauthorised absence from duty amounted to termination of service rejecting the contention that the expiry of eight days absence from duty brings about the automatic loss of lien on the post and nothing more need to be done by the management to pass an order terminating the service. The submission that the stipulation contained in the Standing Order resulted in automatic termination of service was negatived.

**2001 LLR, Page No. 54 to 57**

**Scooters India Ltd. Vs. M Mohammad Yakub.**

The question which then arises is whether the principles of natural justice were followed in this case. As has been set out hereinabove Mr. Swarup had submitted that the workman had been given an opportunity to join the duty and that he did not join duty even though repeatedly called upon to do so. It is contended that principles of natural justice have been complied with in this case. However, the material on record indicates otherwise. The Labour Court in its Award sets out and accepts the respondent's case that he had not been allowed to join duty. The respondent has given evidence that even though he personally met Chief Personnel Officer he was still not allowed to enter the premises. The evidence is that in spite of slip Ext. W.2, he was prevented from joining duty when he attempted to join duty. The slip Ext. W.2 had been signed by the Security Inspector of the Appellant. This showed that the Respondent had reported for work. As against this evidence the Appellant has not led any evidence to show that the workman had not reported for duty. Even though the slip Ex. W-2 had been proved by the workman, the Security Inspector, one Mr. Shukla, was not examined by the Appellant. Further the evidence of the Senior Time Keeper of the Appellant established that the workman had worked for more than 240 days within a period of 12 calendar months immediately preceding the date of termination of service. This was proved by a joint inspection report, which was marked as Ext. 45/A. It was on the basis of this material and this evidence that the Labour Court came to the conclusion that there was retrenchment without following the provisions of law. As the workman was not allowed to join duty, Standing Order 9.3.12 could not have been used for terminating his services.

**Supreme Court 1993, LLR, Page No. 584 to 591**

**D.K. Yadav Vs. M/s J.M.A. Industries Ltd.**

It is thus well settled law that right to life enshrined under Art. 21 of the Constitution would include right to livelihood. The order of termination of the service of an employee /workman visits with civil consequences of jeopardising not only his/her livelihood but also career and livelihood of dependents. Therefore, before taking any action putting an end to the tenure of an employee/workman fair play requires that a reasonable opportunity to put forth his case is given and domestic enquiry conducted complying with the principles of natural justice. In D.T.C. V/s. D.T.C. Mazdoor Congress and Ors. (supra) the Constitution bench, per majority, held that termination of the service of workman giving one month's notice or pay in lieu thereof without enquiry offends Art. 14. The order terminating the service of the employees was set aside.

In this case admittedly no opportunity was given to the appellant and no enquiry was held. The appellant's plea put forth at the earliest was that despite his reporting to duty on Dec. 3, 1980 and on all subsequent days and readiness to join duty he was prevented to report to duty, nor was he permitted to sign the attendance register. The Tribunal did not record any conclusive finding in this behalf. It concluded that the management had power under Cl. 13 of the certified Standing Orders to terminate the service of the appellant. Therefore, we hold that the principle of natural justice must be read into the Standing Order No.l3(2)(iv). Otherwise it would become arbitrary, unjust and unfair violating Art. 14. When so read the impugned action is violative of the principles of natural justice.

આમ, ઉપરોકત ચુકાદાઓના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા હાલના કામે બીજા પક્ષકાર કામદારનો ઇરાદો પ્રથમ પક્ષકારની નોકરીનો સંપુર્ણપણે ત્યાગ કરવાનો જણાતો નથી. તેમજ પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારનું નામ હાજરી રજીસ્ટરમાંથી કમી કરવાનું કૃત્ય પણ ગેરકાયદેસર રીતે છુટા કર્યા બરાબર ગણાય છે. તેમજ બીજા પક્ષકારને છુટા કરવા બાબતે પ્રથમ પક્ષકારે કોઇ નોટીસ, ચાર્જશીટ આપેલ નથી કે કોઇ ખાતાકિય તપાસ પણ કરેલ નથી. વધુમાં કામદારના યુનીયનને પણ પત્ર લખ્યા બાદ જયારે બીજા પક્ષકાર તરફે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં હાજર થવા તૈયાર હોય તે સબંધે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ફરજ પર લેવા મદદનીશ મજુર કમીશનર સમક્ષ પ્રયત્ન કરેલ હોય તેવુ પણ બનેલ નથી. તેમજ પ્રથમ પક્ષકાર નંબર-૧ સંસ્થા બંધ કરેલ હોય અને અન્ય કામદારોને અન્ય યુનીટમાં કામ કરતા હોવાનું જણાવતા હોય તેવા સંજોગોમાં હાલના કામદારે તેમના અન્ય યુનીટમાં સમાવેશ કરવા માટે પણ કોઇ પત્ર લખેલ હોય તેવુ જણાતુ નથી. વધુમાં પ્રથમ પક્ષકારના સાહેદે તેમની ઉલટ તપાસમાં જ પ્રથમ પક્ષકાર નંબર સંસ્થા આજે પણ ચાલુ છે તેવો સ્વીકાર કરેલ છે. જે અન્ય યુનીટ ચાલુ હોવાનું જણાવેલ છે. વધુમાં ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ મુજબ કામદારનું નામ હાજરી રજીસ્ટરમાંથી કાઢી નાખવાનું કૃત્ય પણ ગેરકાયદેસર રીતે છુટા કર્યાનું ગણાય છે. આમ, પ્રથમ પક્ષકાર નંબર-૧ સંસ્થા દ્વારા બીજા

પક્ષકારને છુટા કરતા પહેલા આઇ.ડી. એકટની કલમ ૨૫(એફ) નું પાલન કરેલ નથી કે સંસ્થા બંધ કરતા સમયે પણ કાયદેસરનું કલોઝર કરેલ હોય તેવી જોગવાઇઓનું પાલન કરેલ નથી કે બીજા પક્ષકારને તેમના બાકિ નીકળતા હકકોના કાયદેસરના નાણા ચુકવી આપેલ નથી. જેથી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાએ ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું પુરવાર થતુ હોય મુદ્દા નંબર–૨ નો જવાબ હું હકારમાં આપુ છુ.

**મુદ્દા નંબર-૩**

**(૨૫)** હવે, જયારે બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર દ્રારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોય અને તેવા સંજોગોમાં આ કામના બીજા પક્ષકાર તેમની અસલ જગ્યાએ પડેલા દિવસો ના પગાર સહિત નોકરી માં સાતત્ય સાથે પુનઃસ્થાપિત થવા હકકદાર રહે છે. પરંતુ હાલના કામે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાના કામદાર હોવાનું પુરવાર થયેલ હોય અને પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થામાં સળંગ નોકરી કરેલ હોય અને પ્રથમ પક્ષકાર નંબર–૧ નાએ ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોય તેવા સંજોગોમાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નંબર ૨ તથા ૩ સંસ્થામાં પુનઃસ્થાપન મેળવવા હકકદાર નથી. વધુમાં બીજા પક્ષકારની ઉલટ તપાસ મુજબ પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થા હાલમાં બંધ છે અને તેમાં કોઈ ઉત્પાદન પ્રક્રિયા ચાલુ નથી. જેથી બીજા પક્ષકારનું પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થામાં પુનઃસ્થાપન કરવુ શકય નથી પરંતુ બીજા પક્ષકારને પડેલા દિવસોના પગારની ચર્ચા કરવામાં આવે તો બીજા પક્ષકારે તેઓને છુટા કર્યા ત્યારથી આજદિન સુધીનો પડેલા દિવસોનો પગાર મેળવવા હકકદાર છે કે કેમ તે જોવાનું રહે છે.

**(૨૬)** હવે સદર કામે બીજા પક્ષકારની ઉલટ તપાસ જોવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે મારું મૂળ વતન મધ્ય પ્રદેશ છે. હું ભાડાના મકાનમાં રહું છું. મકાનનું ભાડુ ૩૫૦૦/–છે. હું પરિણીત છું તથા મારા પરિવાર સાથે રહું છું અને મારા પરિવાર માં મારી પત્ની, બે દીકરી છે. એ વાત ખરી છે કે મારુ ઘર ચલાવવાની જવાબદારી મારી છે. મારે મહિને ૧૩ થી ૧૪ હજાર નો ખર્ચો ઘર ચલાવવા માટે થાય છે. એ વાત ખરી છે કે એપ્રિલ ૨૦૧૮ પછી આ તમામ ખર્ચો ઉપાડવાની જવાબદારી હું પોતે નિભાવું છું. એ વાત ખરી છે કે વાપી જીઆઇડીસીમાં ૨૦૦ થી ૩૦૦ ગારમેન્ટની ફેક્ટરી આવેલી છે. મે કામ મેળવવા માટે લેખિતમાં અરજી કરેલી છે. મેં રોજગાર વિનિમય કચેરીમાં મારું નામ નોંધાવેલ નથી. મેં કોઈ સરકારી યોજના હેઠળ લોન લીધેલ નથી. મારા યુનિયન વાળાએ મને કોઈ બેકારી ભથ્થુ આપેલ નથી. આમ, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ છુટા કર્યા બાદ બીજા પક્ષકાર કોઇ ને કોઇ રીતે કામ કરતો હોય તેવુ હોઇ શકે પરંતુ તેનાથી બીજા પક્ષકાર ગેઇનફુલ એમ્પલોયમેન્ટ ધરાવે છે તેવુ કહી ના શકાય. વધુમાં બીજા પક્ષકારને છુટા કર્યા બાદ સતત આટલા વર્ષોથી બીજા પક્ષકાર બેકાર રહેલા હોય તે હકિકત પણ માનવા લાયક નથી અને બીજા પક્ષકારે નોકરી મેળવવા પણ કોઇ પ્રયત્ન કરેલ હોય તેવુ પણ પુરવાર થયેલ નથી. જેથી બીજા પક્ષકારને પડેલા દિવસોના પગાર પેટે ઉચ્ચક વળતર તરીકે

રૂપીયા ૧,૦૦,૦૦૦/– આપવા ઉચીત જણાતુ હોય જેથી મુદ્દા નંબર–૩ નો જવાબ હું **"અંશતઃ હકારમાં "** આપુ છુ અને અને મુદ્દા નં. ૪ બાબતે નીચે મુજબ નો આખરી હુકમ કરુ છુ.

## આખરી હુકમ

(૧) બીજા પક્ષકારનો સદર રેફરન્સ આથી અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

(૨) બીજા પક્ષકારને તારીખ ૦૮/૦૪/૨૦૧૮ ના રોજ થી છુટા કરવાનું પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

(૩) હાલના પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાએ બીજા પક્ષકારને તેમની મૂળ જગ્યાએ સળંગ નોકરીથી નોકરીમાં પુનઃસ્થાપિત કરવાના બદલે મળવાપાત્ર પડેલા દિવસોના પગાર પેટે ઉચ્ચક વળતર તરીકે કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦/– અંકે રૂપીયા એક લાખ પુરા ચૂકવવા તેઓ હુકમ કરવામાં આવે છે.

(૪) હાલના પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાએ બીજા પક્ષકારને આ રેફરન્સ ખર્ચના રૂપિયા ૫,૦૦૦/– પુરા ચૂકવવા તેઓ હુકમ કરવામાં આવે છે.

(૫) આ હુકમનો અમલ એવોર્ડ પ્રસિદ્ધ થયે દિન–૩૦ માં કરવાનો રહેશે.

સ્થળ : વલસાડ.
તારીખ : ૦૧/૦૫/૨૦૨૫

(મહેશભાઈ લાખાભાઈ ચોથાણી)
Code: GJ01438
પ્રિસાઈડીંગ ઓફીસર
મજુર અદાલત,વલસાડ.